### વાહ ગાંધીના ગુજરાતમાં

# પ્રાંતિજ બાલમંદિરમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી

## બાલમંદિર બન્યું અસામાજીક તત્વોનો અડ્ડો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ શ્રી નવયુગ યુવક મંડળ કડવા પાટીદાર નવયુગ બાલ મંદિરમાં વિદેશી દારૂની ખાલી બોટલો તેમ છતાં નાના નાનાં ભૂલકાંઓને જયાં સંસ્કારનું સિંચન કરાવાય છે એવા પવિત્ર સંસ્કાર સરસ્વતીના ધામમાં શરાબની મહેફીલ થાય અને ગ્લાસ તથા ખાલી બોટલો મુકાય તે શરમજનક



જોવા મળતાં ગાંધીના ગુજરાતમાં અને તેમાંય બાલમંદિરમાંથી શરાબની ખાલી બોટલો મળતાં સમગ્ર પ્રશ્ન નગરમાં ટોપ ઓપ ટાઉન બન્યો.

ગુજરાત સરકારે દારૂબંધીનો કડક અમલ કર્યાની જાહેરાતો કરી છે. ચૂસ્ત રીતે દારૂબંધીની ભાંગ-બટાઈઓ પોકારાય છે, વેચનારા કે પીનારા પકડાય તો કાયદાકીય રીતે સજાની જોગવાઈ છે બાબત છે એટલું જ નહીં બાલમંદિરની સામેજ સરદાર સાહેબની પ્રતિમા છે અને આ પ્રતિમાની સામેજ આ બોટલો જોવાં મળતાં તંત્ર અને પોલિસ માટેના પ્રશ્ન શરમજનક બનવા પામી છે. ત્યારે હાલ તો ભૂલકાઓ આ વિચિત્ર ચિત્ર જોઈ મગજમાં કેવો ખ્યાલ બંધાયો હશે એ યક્ષ પ્રશ્ન બનવા પામ્યો છે.

# રાજ્યમાં વરસાદમાં ૫ દિવસના વિરામની આગાહી

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદના રાઉન્ડ બાદ હવે મોનસુનમાં બ્રેકની સ્થિતિ દેખાઈ રહી છે. આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદમાં બ્રેક રહે તેવી શકયતા છે. જો કે, ભારતીય હવામાન વિભાગની વેબસાઈટ ઉપર જણાવવામાં આવ્યું છે કે, દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. બીજી બાજુ ક્ષેત્રિય હવામાન વિભાગે કહ્યું છે કે, રાજ્યમાં વરસાદ થોડાક દિવસ સુધી ઘટી શકે છે. ૧૦મી જુલાઈ બાદ ફરી એકવાર વરસાદ પડશે. આઈએમડીનું કહેવું છે કે, ઉત્તર અને મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાઓનો દોર જારી રહી શકે છે. ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાનો દોર છેલ્લા ૨૪ કલાકમાં જારી રહ્યો છે. ગયા શુક્રવાર બાદથી કોઈ એક દિવસમાં ઉલ્લેખનીય વરસાદ થયો નથી. બીજી બાજુ ભારે ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી રહ્યું છે. મહત્તમ તાપમાનમાં ફરી એકવાર નોંધપાત્ર વધારો થયો છે. દરમિયાન વરસાદી સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં આંકડા ચોક્કસપણે ઓછા છે પરંતુ કેસો ઉપર નિયંત્રણ આવી રહ્યું નથી. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો છેલ્લા સપ્તાહના ગાળા દરમિયન ઝાડા ઉલ્ટીના ૨૬૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ૧૨૮ અને ટાઈફોઈડના ૧૨૩ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન સાદા મેલેરિયાના ૧૧૨ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જુલાઈ મહિના દરમિયાન સાદા મેલેરિયાના ૧૧૯૪ કેસ નોંધાયા હતા. અમદાવાદ શહેરમાં પણ વરસાદમાં વિરામની સ્થિતિ જોવા મળી રહી છે.

# ઊંઝા-ઉનાવા વિસ્તારમાં વેટ વિભાગના દરોડામાં જીએસટીની ચોરી પકડાઈ

ઊંઝા, તા. ૬

ઉત્તર ગુજરાતમાં ઊંઝા, ઉનાવા સહિત અન્ય સ્થળોએ આવેલ ઓઈલ મિલો, વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો પર રાજયના વેટ વિભાગના અધિકારીઓની ટીમે સઘન ચેકિંગ કરી કરોડોની જીએસટીની ચોરી પકડી પાડી વાંધાજનક દસ્તાવેજો કબજે કરતા વેપારીઆલમમાં ફફડાટ ફેલાયો છે.

ઉત્તર ગુજરાતના ઊંઝા, ઉનાવા, સિદ્ધપુર, ગાગલાસણ, પાલનપુર, ડીસા વગેરે સ્થળોએ કેટલાક ઓઈલ મિલરો, વેપારીઓ કથિત ગેરરીતિઓ આચરીને જીએસટીની ચોરી કરતા હોવાનું રાજયના વેટ વિભાગના અધિકારીઓને ધ્યાનમાં આવતાં વેટ વિભાગના અધિકારીઓની ટીમે અચાનક આવા સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં તપાસ દરમિયાન કરોડોની જીએસટીની ચોરી પકડાઈ હોવાનું કહેવાય છે. દરોડા દરમિયાન બેનામી વ્યવહારોના પુરાવા તેમજ વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા જે જપ્ત કરવામાં આવ્યા હતા. કહે છે કે બોગસ બિલોના માધ્યમથી આચરાયેલ ગેરરીતિઓ પણ પકડાયેલ છે. ઓઈલ મિલો પરના દરોડામાં લગભગ છ કરોડ રૂપિયાની વેટ વિભાગે વસૂલાત કરી હોવાનું કહેવાય છે. કહે છે કે ઉત્તર ગુજરાતમાં ધિકતા વેપાર ધંધાઓ ચાલી રહ્યા છે ત્યારે વેટ વિભાગના અધિકારીઓ દ્વારા વધુ દરોડા પડાય તો જીએસટીની મોટી કરચોરી બહાર આવવાની શક્યતા છે.



**મોડાસા સરસ્વતી બાલમંદિર પ્રાથમિક શાળામાં અનોખો પ્રવેશોત્સવ યોજાયો**

સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ તો યોજાયો પણ, મોડાસાની સરસ્વતી બાલમંદિર પ્રાથમિક શાળામાં અનોખી રીતે પ્રવેશોત્સન યોજાયો હતો. જેમાં શાળામાં પહેલા ધોરણમાં પ્રવેશ મેળવનાર ૯૦ બાળકોના વાલીઓને તુલસીના છોડ આપવામાં આવ્યા હતા. તદઉપરાંત વૃક્ષારોપણ કાર્યક્રમ અને બાળકોને અભ્યાસ કીટ આપવામાં આવી હતી. સરસ્વતી બાલમંદિર મંડળ તરફથી મોડાસાના નવનિયુક્ત નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહનું સન્માન સમારંભ યોજાયો હતો. આ ત્રિવેણી કાર્યકાર્મમાં મંડળના પ્રમુખ નિલેશ જોશી, મંત્રી વિનોદ પટેલ સહીત મંડળના સદશ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈપલોડા ગામ નજીક કાર રોડ પરથી ખાડામાં ખાબકી

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાને અડીને આવેલા રાજસ્થાનમાં દારૂબંધી



હોવાથી ગુજરાતના દારૂના શોખીનો મોટા પ્રમાણમાં મુલાકાત લઈ વિદેશી દારૂની મહેફિલ જમાવી પરત ફરતા હોય છે. અરવલ્લી જીલ્લાની સરહદ પરથી પરત ફરતા મોટાભાગના પીધેલી હાલતમાં વાહનો સાથે પસાર થતા હોવાથી અનેકવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે જેમાં નિર્દોષ જિલ્લાવાસીઓનો ભોગ પણ લેવાતો હોય છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુરુવારે રાત્રીના સુમારે રાજસ્થાન તરફથી આવતી બેકાબુ કાર ઈપલોડા ગામ નજીક કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુના ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો. કાર ખાડામાં ખાબકતા આજુબાજુથી લોકો દોડી આવી કાર ચાલક સહીત અન્ય એક વ્યક્તિને કારમાંથી બહાર કાઢતા બંને રાજાપાટ હોવાની જાણ થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બંનેને સામાન્ય ઈજાઓ પહોંચતા તમાશો બને અને લોકોના રોષનો ભોગ બનવું પડે તે પહેલા કાર ઘટનાસ્થળે મૂકી રફુચક્કર થઈ ગયા હતા. કારચાલક સહીત અન્ય કારમાં બેઠેલો વ્યક્તિ બરોડાના હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# બનાસકાંઠામાં ખનીજચોરી કરતી વધુ ત્રણ ટ્રકો ઝડપાઈ

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લામાં ભૂસ્તર શાસ્ત્રી દ્વારા ખનીજ ચોરી કરતા તત્વો સામે તવાઈ હાથ ધરવામાં આવી છે. ગતરોજ વધુ ત્રણ ટ્રકો ઝડપી લીધી હતી. જે સાથે છેલ્લા એક માસમાં ખનીજચોરીનો રૂપિયા પચાસ લાખ ઉપરાંતનો દંડ વસુલવામાં આવ્યો છે. આ કાર્યવાહીના પગલે ખનીજચોરોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠા જીલ્લા ભૂસ્તરશાસ્ત્રી તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ સુભાષ જોષીએ ખનીજચોરો સામે લાલ આંખ કરી છે. પહેલા દિવસે જ રૂપિયા ૨૧ લાખનો દંડ વસુલ્યા બાદ આ કાર્યવાહી સતત ચાલી રહી છે. જ્યાં બુધવારે વધુ ત્રણ ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. આ અંગે ભુસ્તરશાસ્ત્રી સુભાષ જોષીએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં ખનીજચોરી કરતા શખ્સો સામે કડક હાથ કાર્યવાહી થઈ રહી છે. જેમાં પાલનપુર નજીકથી વધુ ત્રણ ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. આ ઉપરાંત પાટણ વિસ્તારમાંથી પણ ઓવરલોડ ટ્રકો ઝડપવામાં આવી છે. સતત કાર્યવાહીમાં અત્યાર સુધીમાં કુલ રૂપિયા ૫૦ લાખ ઉપરાંતનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.



**ખેડબ્રહ્મામાં શહેરમાં જીલ્લા ડીસ્ટ્રીક્ટ જજની અધ્યક્ષતામાં કાનૂની શિબિર**

સાબરકાંઠા જીલ્લા ડીસ્ટ્રીકટ જજની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે લીગલ લીટરસી કલબની મુલાકાત સાથે કાનુની શિબિર યોજાઈ ગઈ. ૧૮ વર્ષથી નીચેની ઉંમરના વિધાર્થીઓને વિવિધ કાયદાઓની પ્રાથમિક માહિતી મળી રહે અને ભવિષ્યમાં ગુનાહિત પ્રવૃત્તિઓથી દુર રહે તે માટે ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં સ્થાપવામાં આવેલ લીગલ લીટરસી કલબની શિબિરમાં સાબરકાંઠા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ કે.બી. ગુજરાથીએ વિસ્તૃતમાં જાણકારી આપી હતી, સાથે કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી એચ.વી. જોટાણીયાએ લીટરસી કલબના સભ્યોને લાયબ્રેરીના ઉપયોગ વિશે જણાવ્યું હતુ. આ શિબિરમાં ખેડબ્રહ્મા બાર એસોસિયેશના પ્રમુખ વિરલ વોરા, ઉપપ્રમુખ જગદીશ સુથાર, સિનીયર વકીલ અશ્વિનભાઈ જોષી સહીત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીની ઈઝરાયેલ યાત્રા રાજ્યના વિકાસ માટે લાભદાયી

## જુદા જુદા ક્ષેત્રોમાં ૧૬થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થયા

ગાંધીનગર,તા.૬

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ગુજરાત પ્રતિનિધિમંડળની છ દિવસીય ઈઝરાયેલ મુલાકાત ગુજરાતમાં કૃષિ, જળ વ્યવસ્થાપન, સ્ટાર્ટઅપ-ઈનોવેશન સહિતના ક્ષેત્રો માટે સહભાગીતાનો નવો ઈતિહાસ સર્જનારી સફળ મુલાકાત બની છે. વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળના ગુજરાત પ્રતિનિધિમંડળે ઈઝરાયેલ પ્રવાસના કેન્દ્રસ્થાને કૃષિ અને જળ વ્યવસ્થાપનની ઈઝરાયેલની તજજ્ઞતાનો ગુજરાતમાં મહત્તમ વિનિયોગ કરવાનો જે ધ્યેય રાખ્યો હતો તે નક્કર કાર્ય આયોજનની દિશામાં પરિણામદાયી બન્યો છે. મુખ્યમંત્રીએ તેમના આ પ્રવાસ દરમિયાન ઈઝરાયેલના પ્રધાનમંત્રી નેતાન્યાહૂ અને કૃષિમંત્રી યુરી એરિયલ સહિત ૫૫ જેટલી મુલાકાત બેઠકો યોજીને ઈઝરાયેલ ટેકનોલોજીની તલસ્પર્શી વિગતો મેળવી હતી. તેમણે ડિસેલીનેશન પ્લાન્ટસ સહિત એગ્રો ફાર્મિંગની પણ નિરીક્ષણ મુલાકાત ગુજરાત ડેલિગેશન સાથે લઈને ઈઝરાયેલની સફળતા પ્રત્યક્ષ નિહાળી હતી. મુખ્યમંત્રીના ઈઝરાયેલ પ્રવાસમાં કૃષિ, વોટર મેનેજમેન્ટ-સ્ટાર્ટઅપ ઈનોવેશન સ્માર્ટ સિટી જેવા વિવિધ ક્ષેત્રોમાં સહભાગીતાના ૧૬ જેટલા એમઓયુ પણ ગુજરાતે કર્યા છે. મુખ્યમંત્રીની આ ઈઝરાયેલ મુલાકાત દરમિયાન જળવ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતે ઈઝરાયેલ સાથે ત્રણ મહત્વપૂર્ણ એમઓયુ કર્યા છે.

આ એમઓયુના અમલ અને ગુજરાતમાં નક્કર કાર્ય આયોજન માટે હાઈપાવર કમિટીની રચના કરવામાં આવી છે. આ હાઈલેવલ કમિટીમાં મુખ્યમંત્રી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શિક્ષણ મંત્રી વગેરેનો સમાવેશ થાય છે. જળ વ્યવસ્થાપન ક્ષેત્ર માટે આ પ્રક્રિયાના ફોલોઅપ-મોનિટરીંગ માટે પાણી પુરવઠા અગ્રસચિવ જેપી ગુપ્તાના અધ્યક્ષતામાં એક સબ ગૃપ કાર્યરત થશે. જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતમાં વોટર મેનેજમેન્ટની ઓનલાઈન સિસ્ટમ હેતુ ઈઝરાયેલની મેકોરોટ સાથે કોલોબેરેશન કરીને રાજયમાં જળ વિતરણ-જળ વ્યવસ્થાપન સુદ્રઢ બનાવવા અંગે એમઓયુ થયા છે. મેકોરોટ ઈઝરાયેલ સરકારની જળ વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય કંપની છે. આ કંપની વિશ્વની વોટર મેનેજમેન્ટ ક્ષેત્રની ૧૦ અગ્રેસર કંપનીઓ પૈકીની એક છે.

# અરવલ્લી સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ દંપત્તિને એક લાખનો ચેક અર્પણ

મોડાસા, તા. ૬

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય ઉપરોક્ત દિવ્યાંગ નવ દંપત્તીના લગ્ન દિવ્યા સંસ્થા દ્વારા યોજવામાં આવેલ જે વિશિષ્ટ કાર્ય છે. બંને દંપત્તિને મોડાસા સમાજ સુરક્ષા



યોજનામાં અરવલ્લી જિલ્લા સમાજ સુરક્ષા કચેરી ખાતે અરવલ્લી ફિજિકલી હેન્ડીકેપ્ટ સંસ્થાના પ્રમુખ વિનોદચંદ્ર પટેલના રાહબર હેઠળ દિવ્યાંગજનોની હાજરીમાં દિવ્યાંગજનો દ્વારા મેઘરજ તાલુકાના અસ્થીક્ષતિગ્રસ્ત દિવ્યાંગ પગી ચંદુભાઈ અને ડામોર શાંતાબેન બંને દિવ્યાંગજનોના લગ્ન યોજાયા. કચેરી જે.પી. પટેલ, સમાજ સુરક્ષા અધિકારી, સામાજિક કાર્યકર નીલેશભાઈ જોશી, સર્વે શિક્ષા અભિયાન જિલ્લા કો-ઓર્ડીનેટર અમિત કવિની પ્રેરણાદાયી હાજરીમાં રૂ. ૧ લાખનો ચેક બન્ને નવ પરણીત દિવ્યાંગ દંપત્તિનો સરકારશ્રીની યોજના મારફતે ચેક અર્પણ કરવામાં આવ્યો.

# ડાંગની આદિવાસી યુવતી એશિયન ગેમ્સમાં જોડાશે

ઓગસ્ટ, ૨૦૧૮થી ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમિયાન ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાનારી એશિયન ગેમ્સમાં ડાંગ જિલ્લાની આદિવાસી યુવતિ કુ.સરિતા ગાયકવાડની ૪-૪૦૦ મીટર રીલેદોડમાં ધી એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા પસંદગી તથાં તેણીએ ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું છે. કુ.સરિતા ગાયકવાડના ગામ એવા કરાડીઆંબા સહિત ગુજરાત અને દેશભરમાંથી સરિતા ગાયકવાડને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ૪-૪૦૦ મીટર રીલેદોડમાં કુ.સરિતા ગાયકવાડ સાથે ભારતની દોડવીરો એવી એમઆર પુવમ્મા, સોન્યા વૈશ્ય, વિજયાકુમારી, વીકે વિસ્મયા અને જીસ્ના મેથ્યુની પણ પસંદગી થવા પામી છે.

# તાપી શુદ્ધિકરણ માટે નાણાં ફાળવણીની મંજુરી

મુખ્યમંત્રી વિજય રૂપાણી નેશનલ રિવર કન્ઝરવેશન પ્રોગ્રામ અન્વયે સુરતની તાપી શુદ્ધિકરણના બીજા તબક્કા માટે રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે તાપી નદી સુરત શહેર માટે પીવાના પાણીનો એક માત્ર સ્ત્રોત છે. તેના કિનારાને અડીને આવેલા જુદા જુદા ગામો, નગરો અને સુરત શહેરનો ઉત્તરોત્તર વિકાસ થયેલ છે. તાપી નદીમાં જુદા-જુદા વિસ્તારની ખાડીઓ,આઉટ લેટસ મારફતે અશુદ્ધિઓ ભળવાના કારણે નદીમાં પાણીની ગુણવત્તાને અસર થતી હોઈ, તેના કાયમી નિરાકરણ માટે મુખ્યમંત્રીના આદેશથી સુરત મહાનગરપાલિકાએ કન્સલટન્ટ પાસેથી ઓએનજીસી બ્રીજથી સુડાની હદ સુધીનો સુરત મહાનગરપાલિકા હસ્તકનો વિસ્તાર અને સુડાની હદ વિસ્તાર બાદ કાંકરાપાર વિયર સુધીનો રાજ્ય સરકાર હસ્તકનો વિસ્તાર આવરી લઈને સમગ્ર વિસ્તાર માટે સુગ્રથિત આયોજન કરવાના હેતુસર અંદાજીત ૯૨૨.૧૮ કરોડનો તાપી શુદ્ધિકરણ માસ્ટર પ્લાન તૈયાર કરાવ્યો છે. માસ્ટર પ્લાન હેઠળ કાંકરાપાર વિયરથી સુરત શહેરના ઓએનજીસી બ્રીજ સુધીના તાપી નદીમાં પડતાં મહત્વના ૨૪ આઉટલેટરસને ઈન્ટરસેપ્ટ કરી તેના કલેક્શન, ટ્રાન્સમીશન, ડીસ્પોઝલ અને ટ્રીટમેન્ટનું આયોજન છે. સુડા વિસ્તારના કુલ ૧૫ ફળિયા, ગામડા, નગરોને તથા રાજ્ય સરકાર વિસ્તારનાં ૫૯ જેટલા ફળિયા, ગામડા, નગરોને આવરી લઈ તેના ગંદા પાણીને નદીમાં ભળતા રોકવા માટે તેને ઈન્ટરસેપ્ટ કરી, આનુસાંગિક ડ્રેનેજ નેટવર્ક, સુએઝ પંપીંગ સ્ટેશન, ટ્રાન્સમીશન લાઈન જરૂરીયાત મુજબ ટ્રીટમેન્ટ કરી તેના નિકાલ કરવાનું આયોજન છે.

### ટ્રેડવોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિકુળ અસર કરશે. ચીને સાફ શબ્દોમાં કહ્યું છે કે, તે અમેરિકાના નિર્ણયથી પોતાના હિતોની સુરક્ષા માટે પુરતા પગલા લેશે. ચીનના વાણિજ્ય મંત્રાલય દ્વારા પોતાની વેબસાઈટ ઉપર જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકા દ્વારા ઈતિહાસના સૌથી મોટા ટ્રેડવોરની શરૂઆત કરીને ચીન સામે ટ્રેડવોરની શરૂઆત કરી દીધી છે. ચીને પોતાના લોકો અને દેશના હિતોની સુરક્ષા માટે પુરતા પગલા લીધા છે. મંત્રાલયનું કહેવું છે કે, આ ડ્યુટી હકીકતમાં અમેરિકાએ પ્રભુત્વ જમાવવાના પ્રયાસરુપે લાગૂ કરી છે. જેની ગ્લોબલ ઈન્ડસ્ટ્રી પર પ્રતિકુળ અસર થશે. આનાથી ગ્લોબલ ઈકોનોમિક રિકવરી પણ જોવા મળશે. ચીને કહ્યું છે કે, અમેરિકાના આ પગલાથી ટ્રાન્સનેશનલ કંપનીઓ, સામાન્ય કંપનીઓની સાથે સાથે નવા વૈશ્વિક ગ્રાહકો ઉપર અસર થશે. ચીની મંત્રાલયનું કહેવું છે કે, અમેરિકી કારોબારી અને ગ્રાહકોને પણ આના કારણે માઠી અસર થશે. અમેરિકી ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન ચાઈનાના ચેરમેન વિલિયમ જેરિટે કહ્યું છે કે, આ પ્રકારના ટ્રેડવોરમાં વિજેતા કોઈપણ સાબિત થશે નહીં. કાઉન્ટર પ્રોડક્ટીવ ઈમ્પોર્ટ ટેરિફ માત્ર અમેરિકા અને ચીનની અર્થવ્યવસ્થાને જ નુકસાન કરશે નહીં બલ્કે આનાથી સમગ્ર દુનિયાના દેશને અસર થશે. ટ્રમ્પ દ્વારા જૂન મહિનામાં જ આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી હતી. હવે અમેરિકી કસ્ટમ અધિકારીઓ ૮૦૦થી વધારે ચીની પ્રોડક્ટ ઉપર ૨૫ ટકા ટેરિફ વસુલ કરશે. એટલું જ નહીં આગામી બે સપ્તાહમાં અમેરિકા ૧૬ અબજ ડોલરના અન્ય ચીની પ્રોડક્ટ ઉપર પણ પ્રતિબંધ લાગૂ કરશે. ચીનમાં યુએસ કંપનીઓ માટે નવી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. જેરિટે કહ્યું છે કે, તેઓ ચીનમાં બિઝનેસ કરી રહેલી અમેરિકી કંપનીઓને લઈને ચિંતાતુર છે. આ પ્રકારથી અમેરિકા અને ચીન વચ્ચે વધતા જતાં ટેન્શનના લીધે તેમનું કામ કરવું મુશ્કેલ થઈ જશે. બંને સરકારોને અપીલ કરવામાં આવી છે કે, કોઈ રચનાત્મક નિષ્કર્ષ સુધી પહોંચવા આમને સામને બેસીને ચર્ચા કરવામાં આવી શકે છે. ટ્રેડવોરને લઈને છેલ્લા ઘણા દિવસથી હિલાચાલ ચાલી રહી હતી.

અમેરિકાએ ચીની આયાત ઉપર જંગી ટેરિફ લાગૂ કરતા જોરદાર ખેંચતાણની શરૂઆત થઈ છે. એક નિવેદનમાં વાણિજ્ય મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, અમેરિકાના પગલા વિશ્વ વેપાર નિયમોના ખુલ્લા ભંગ સમાન છે. આર્થિક ઈતિહાસમાં સૌથી મોટાપાયે ટ્રેડવોરની શરૂઆત આના લીધે થઈ ચુકી છે. ચૂંટણીના પ્રચાર દરમિયાન પણ ટ્રમ્પે આ મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી.

### રસીકરણ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંગણવાડી કાર્યકર અને અન્ય સ્વૈચ્છીક વ્યકિત રહેશે. આ ટીમ માટે એક સુપરવાઈઝર પણ રહેશે.

આ પત્રકાર પરિષદમાં મ્યુનિ. કમિશનર એસ. અમરાણી, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી, જિલ્લા માટે ડબલ્યુએચઓના નિયુકત થયેલા પ્રતિનિધિ તેમજ આરોગ્ય તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

રસીકરણને અંતે બાળકને ઓરી-રૂબેલાથી રક્ષિત કરવામાં આવ્યું છે તેવું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

### તૈયારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વાગત માટે સેકટરવાસીઓ દ્વારા ઠેર ઠેર પ્રસાદ ,ઠંડી છાશ , શરબત અને ચા પાણી સહીત નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. જયારે વનતંત્ર દ્વારા રથયાત્રાના રૂટમાં અડચણરૂપ વૃક્ષોની ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન જય રણછોડ માખણચોર જેવા પ્રસંગોચ્ચિત સુત્રો સિવાય અપ્રસ્તુત સુત્રો ન બોલવા પણ સમિતિએ જણાંવ્યુ છે. ચોક્કસ જાતિ જુથ અને રાજકીય સંગઠનના બેનરનો ઉપયોગ ન કરવા માટે જણાંવાયુ છે. રથયાત્રામાં હાથી , ઘોડા, બગી , બેન્ડવાજા અને ઉંટલારી સહીત ૭૫ જેટલા નાના મોટા વાહનો જોડાશે. રથયાત્રા સમિતિના અરૂણ બુચે પણ જણાંવ્યુ હતુ કે રથયાત્રાના આયોજનમાં વિવિધ સંસ્થાઓ , વેપારીઓ ,ધાર્મિક તેમજ સામાજિક સંગઠનો પણ સહકાર આપી રહયા છે. રથયાત્રામાં ટેબલો સામેલ કરવા માટે રજનીભાઈ શર્માનો સંપર્ક કરવા પણ જણાંવાયુ છે. જયારે જલારામ ધામ ખાતે ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. રથયાત્રા સમિતિની બેઠકમાં હાજર ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ યાત્રાના રૂટમાં સફાઈ કરવા માટે પણ ખાત્રી આપી હતી. જયારે શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ રથયાત્રાના આયોજનને સફળ બનાવવા માટે જરૂરી તમામ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

### સર્વેલન્સ કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરાયો છે. છેલ્લા ત્રણ દિવસમાં એક પણ શંકાસ્પદ ડેન્ગ્યુનો કેસ ના મળતાં કાલથી તમામ કર્મચારીઓને તેમના આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવવા માટે જણાવી દેવામાં આવ્યુ છે.

નવમી જુલાઈથી પુનઃ હાઉસ ટુ હાઉસ સર્વેલ્સનો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે તે પણ નોંધનીય છે.